શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજનનું મુખપત્ર

# કચ્છ વાગડ ખબર પત્રિકા

KUTCH VAGAD KHABAR PATRIKA RNI NO : MAHGUJ/2006/17870 Email ID : vagadpatrika@gmail.com તંત્રી : ડૉ. નાગજી કેશવજી રીટા

વર્ષ : ૧૩ ● અંક : ૩૭ ● સળંગ અંક : ૩૫૪૯ ● પાના : ૧૬ ● સૂર્યોદય : ૬–૦૫ www.vvomahajan.org સૂર્યાસ્ત : ૭–૦૮ ● સં. ૨૦૭૫ ● વૈશાખ સુદ–૧૫ ● શનિવાર, તા. ૧૮ મે ૨૦૧૯

કાર્યાલય : શ્રી પરિમલ II, ૧૦૩, ૧લે માળે, દફતરી રોડ, મલાડ–ઈસ્ટ, મુંબઈ–૪૦૦ ૦૯૭. ફોન : ૨૮૮૧૪૩૪૬, ૨૮૮૨૪૩૪૬ ● શાખા : થાણા (વેસ્ટ)–૯૮૭૦૭૮૨૨૮૧ કિંમત રૂા. ૨/–

## સામાજીક

### ભચાઉ માંડલે નમતા ફુરીયા કુળની નિયાણી બહેનોને હરખના તેડા

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું થાય છે કે ગામ ભચાઉના માતુશ્રી દિવાળીબેન પોપટલાલ ભારમલ ફુરીયા તરફથી ગામ ભચાઉ માંડલે નમતી ફુરીયા નુખની કુંવારી તથા પરણેલી નિયાણી બહેનોને શનિવાર, તા. ૧૮-૫-૨૦૧૯ના સાંજના ૫ થી ૯ કલાકે જમવાનું ભાવભર્યું આમંત્રણ છે. એકલી ન આવી શકનાર નિયાણીની સાથે આવનારને પણ જમવાનું ભાવભર્યું આમંત્રણ છે. શુભ સ્થળ : રાહેજા ટીપ્કો હાઈટ્સ ક્લબ હાઉસ હોલ, રાણી સતી માર્ગ, પાસપોર્ટ ઓફિસની ઉપર, મલાડ (ઈસ્ટ), મુંબઈ-૯૭. મો.નં.: 9892839519. (M-594)

### મોબાઈલ રેડીએશન કંટ્રોલ ચીપ મંગાવો

મોબાઈલમાંથી નીકળતા રેડીએશન ગંભીર બિમારીના વાહક બની શકે. સગર્ભા સ્ત્રીઓ અને નાના બાળકોને આ ''રેડીએશન'' વધુ નુકસાન કર્તા છે. શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર લુણી પાંજરાપોળમાં આ ''રેડીએશન'' કંટ્રોલ કરવા એક ચીપ નિર્માણ કરવામાં આવેલ છે. જેને મોબાઈલની પાછળ ચોંટાડી દેવાથી નુકસાનકર્તા ''રેડીએશન'' થી છૂટકારો મેળવી શકાય છે. આ ચીપ રૂા.૩૦/- એક નંગના ભાવે મળે છે. આ ચીપમાં 'સ્ટોનશીયન' નામના તત્ત્વ જે અણુવિકિરણના પ્રતિરોધક છે. ખાસ નોંધ : હજારો રૂા.ના મોબાઈલ વાપરતા ''રેડીએશન'' થી બચવા માટે ફક્ત રૂા.૩૦/- નો ખર્ચ મોંઘો નથી. આ રકમ જીવદયા કાર્ય માટે જ વપરાશે. લિ. શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર લુણી પાંજરાપોળ ટ્રસ્ટીઓ. (M-582-C)

**નેત્ર દાન માટે મૃત્યુ બાદ તુરંત સંપર્ક કરો**

માતુશ્રી ગોમતીબેન રતનશી છેડા

**સહિયારા આય બેંક**

(થાણા) (M-400)

૨૪ કલાક કાર્યરત

022-2534 1919, 93213 11919

93206 11919, 93204 11919

January to December 2018

| | |
|---|---|
| Corneas Collection | 1125 |
| Corneas Utilization | 739 |
| Utilization % | 65.68% |


### ''શ્રી નવકાર ગ્રુપ (મલાડ)'' School Uniform-Bag-Notebook–Stationery વિતરણ 2019

● દાતા પરિવાર : માતુશ્રી દિવાળીબેન વેલજી ખીમજી ગડા-મનફરા-મલાડ. ● Nalasopara School Result આપેલ Student સાથે તેમના વાલીએ માતુશ્રી મોંઘીબેન સામત સાંગણ ગાલા જૈન ધર્મસ્થાનક (ભચાઉ-પાર્લા) સંચાલીત વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ નાલાસોપારા પાનબાઈ નગર તા.૧૯-૫-૧૯ રવિવાર સવારે ૯.૩૦ કલાકે Sharp આવી જવું. ● Malad School Result આપેલ Student સાથે તેમના વાલીએ કુરાર વિલેજ જૈન દેરાસર તા.૨૧-૫-૧૯ મંગળવાર સવારે ૮.૩૦ કલાકે Sharp આવી જવું. ● સમયસર આવનાર Student ને જ લાભ આપવામાં આવશે જેની ખાસ નોંધ લેવી. ● વધુ વિગત માટે સંપર્ક : શાંતીલાલ છાડવા-9820213809. ● જય જિનેન્દ્ર - જય નવકાર... (M-586-B)

### ડાયાણી – પતાણી – ડાઢાણી પરિવાર

સહર્ષ ખુશી સાથે જણાવવાનું કે ચૈત્ર માસની પહેડી મુંબઈ ખાતે તા. ૭-૪-૨૦૧૯ના ખૂબ જ સારી રીતે સારી સંખ્યામાં પરિપૂર્ણ થઈ તેની અંદર ૧૭૭ નિયાણી બહેનોએ પગલા કર્યા અને ગોઠિયાઓ તરફથી રૂા.૧૦૦૦ કવર + રૂા.૫૦૦ દાતા પરિવાર તરફથી નિયાણી બહેનોને કવર પ્રભાવના સ્વરૂપ આપવામાં આવ્યા. તે પહેડીના લાભાર્થી શ્રીમતી ચંદ્રીકાબેન ખીમજી હરખચંદ પૂનરાજ ગડા (પટેલ) સામખીયારીવાળા હાલે પૂના તેમની ઉદારતાથી રૂા.૫૧,૦૦૦ (અંકે એકાવન હજાર રૂા.) માતાજીના ચરણોમાં ધર્યા. કાર્ય બહુ જ સરળતાથી પૂર્ણ થયાની અનુમોદના સ્વરૂપ. તેમના જણાવવા પ્રમાણે બાર મહિનાના નિભાવ ખર્ચના રૂા.૬૩,૦૦૦ (અંકે ત્રેસઠ હજાર રૂા.) નકરો પણ જાહેર કર્યું. તો માતાજી તેમના પરિવારને ઉત્તરોત્તર પ્રગતિ આપે અને સંઘ શાસનના સારા કાર્યો કરતા રહે તેવી મંગલ ભાવના તે રકમમાંથી જીવો માટે સંકટને ધ્યાનમાં રાખીને જીવદયા ૧૧૦૦૦ x ૩ = ૩૩૦૦૦ (અંકે તેત્રીસ હજાર રૂા.) જીવદયામાં ફાળવેલ છે. * આસો માસની દેશમાં પહેડી : તા. ૬-૧૦-૨૦૧૯ આસો સુદ-૮ રવિવારના રાખેલ છે. તો મોટી સંખ્યામાં દેશમાં પહેડીમાં પધારવા વિનંતી. ટીકીટ ચાર મહિના પહેલાથી પોતે પોતાની રીતે કઢાવવા નમ્ર વિનંતી. * દેશમાં જવા-આવવાની નિયાણી ટીકીટના દાતા આવકાર્ય છે જેને લાભ લેવાની ભાવના હોય તેમણે ફોન પર સંપર્ક કરવા નમ્ર વિનંતી. લિ. શ્રી સંચ્ચામાતા સંચાલકગણ હંસરાજ હરખચંદ ગડા-9892270041 (M-603)

## શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન

### સ્પેશ્યલ ચાઈલ્ડની સિદ્ધિમાં સહભાગી બનીએ

શારીરિક માનસિક ખામી ધરાવતા સ્પેશ્યલ ચાઈલ્ડનું જીવન એક પડકારરૂપ હોય છે અને તેમની પરવરીશ કરવી તે તેમના પેરેન્ટ્સ માટે પણ મોટી કસોટીરૂપ પડકાર હોય છે. શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન દ્વારા દિવ્યાંગ બાળકોની ખુશી માટે તેમજ તેમની ખુશી જોઈ તેમના પેરેન્ટ્સને ખુશી ઉપજે તે માટે ગયા વર્ષે એક પ્રોગ્રામ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં બાળકો અને તેમના માવિત્રોની ખુશી હૃદયને સ્પર્શી ગઈ હતી. તે પહેલા સ્પેશ્યલ ચાઈલ્ડ કંઈક હુનર શીખે અને તેમાં તેને ખુશી ઉપજે તે માટે તેમને ચોવીસી મહાજન દ્વારા ડેકોરેશનની આઈટમ બનાવવાની ટ્રેનિંગ પણ આપવામાં આવી હતી અને આ માર્ચ મહિનામાં તેમના માવિત્રોને પોતાના સ્પેશ્યલ ચાઈલ્ડની પરવરીશ માટે જરૂરી ધીરજ, સહનશક્તિ અને ભાવના કેળવાય તે માટે શ્રીમતી અનીલા ગડા દ્વારા ત્રણ દિવસની શિબીર યોજવામાં આવી હતી. ઘણા દિવ્યાંગ બાળકોમાં પણ ભગવાને વિશેષ શક્તિઓ આપી હોય છે અને એ શક્તિ દ્વારા તેઓ ઘણી સિદ્ધિઓ હાંસીલ કરતા હોય છે તેમાં આજે ખાસ ધ્યાનાકર્ષક ગુણો ધરાવતા સ્પેશ્યલ કિડ્સ કરણ સુનીલ દામજી શાહ વિશે થોડી વાતો કરવી છે. ૨૧ વર્ષની ઉંમર ધરાવતો કરણ સ્પાઈનલ મસ્ક્યુલર એસ્ટ્રોફી (MMA) થી પીડાય છે છતાં ભગવાને તેને વિશેષ શક્તિ આપી છે અને તે ડોગ થૈરેપિસ્ટ તરીકે ખૂબ પ્રખ્યાત છે તે ડોગનો ટ્રેનર છે અને આશીસ્ટીવ ટ્રેનિંગ દ્વારા તે ડોગ માનવીના જીવનમાં કેવી રીતે ઉપયોગી થઈ શકે તે પ્રકારની ટ્રેનિંગ આપે છે. સાથે-સાથે ડોગ એડપ્શન કરવા માગતા વ્યક્તિઓને ટ્રેઈન ડોગ્સ મેળવવામાં માર્ગદર્શન પણ આપે છે. મુંબઈ મિરર તેમજ અન્ય ન્યૂઝ પેપરમાં કરણની સિદ્ધિઓ વર્ણવવામાં આવી છે!

વિકલાંગ કીડ્સમાં આત્મવિશ્વાસ વધે અને તેમની શક્તિ ખીલવવા માટે એમ્પલ મિશન દ્વારા શૂરવીર અને ભારત પ્રેરણા એવોર્ડ્સ આપવામાં આવે છે. ૨૦૧૯ના એવોર્ડના નોમિનેશન માટે ભાઈ કરણ સુનીલ દામજી શાહની પસંદગી થઈ છે. જે આપણા માટે ગૌરવ લેવા જેવી વાત છે અને કરણને એવોર્ડ જીતાડવા માટે આપણે તેમને નીચેની લીંક પર જઈ વોટ જરૂરથી કરશો. આપણા વાગડના કોઈ તેજસ્વી સ્પેશ્યલ કિડ્સને આ એવોર્ડ મળશે તે આપણા માટે પણ ગૌરવપૂર્ણ રહેશે. આ ઉપરાંત સ્પેશ્યલ ચાઈલ્ડમાં રિદ્ધિ ઉર્મિલા ચંપક ગડાએ પણ અનેક મેરેથોનમાં ભાગ લઈ વાગડ મેરેથોન ગર્લ તરીકેનું બિરુદ મેળવ્યું છે. આમ આપણા આ સ્પેશ્યલ કિડ્સ સારી રીતે જીવન જીવે અને કંઈક સિદ્ધિઓ મેળવે તેવી શુભેચ્છા આપીએ અને તા.૨૫-૫-૧૯ સુધીમાં https://www.amplemissiion.com/shoorveer-bpa/ લીંક પર જઈ કરણને વોટ આપી તેમને એવોર્ડ મળે તે માટે મહેનત કરીએ અને વાગડને વિશેષ સિદ્ધિ અપાવીએ.

લિ. ડૉ. નાગજી કેશવજી રીટા-પ્રમુખ

શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન (M-0)

Chovishi Mahajan

# માસિક પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ



ગામ
સામખીયારી

મુંબઈ
દાદર

Chovishi Mahajan

## માતુશ્રી અરઘાબેન ધનજીભાઈ પાંચાભાઈ છાડવા (ઉ.વ. - ૯૯)

અરીહંત શરણ - તા. ૧૮/૪/૨૦૧૯, ગુરુવાર

તમારો પ્રેમાળ ચેહરો જોતા સર્વત્ર પ્રસરે તમારા ગુણોની સુગંધ,
મન ભળી ગયા તમારી સાથે એવા સંબંધ કે જન્મોજન્મના કોઈ ઋણાનુબંધ.
દરેક ને આત્મીયજન બનાવી દેતા એવા જાળવતા દરેક સંબંધ,
અમારી સ્મૃતિમાં સદાય રહેશે તમારી મધુર યાદોના સંભારણા.
પ્રભુ આપના આત્માને મોક્ષધામ નિવાસી બનાવે એવી અમારી પ્રાર્થના...

### લિ. આપનો સોકાતુર પરિવાર

**માતુશ્રી ભમીબેન પાંચાભાઈ આણંદા છાડવા**
**સામખીયારી**

DM-254

# શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન

પ્રેરીત




WOW! CREATION




**Women Of The Wagad** દ્વારા આયોજીત

## DIFFERENT TYPES OF BASIC COURSES

WOW CREATION ના નેજા હેઠળ સૌ પ્રથમ મશીન વિતરણ કરીને આપણે આપણા વાગડ સમાજની મહિલાઓને પગભર કરવા એક પગલુ ભર્યું અને તેનો ઉપયોગ કરીને ઘણી મહિલાઓ પગભર થઇ રહી છે તેના પછી WOW CREATIONની ટીમે વેકેશન દરમ્યાન મહિલાઓ અને દિકરીઓ માટે પણ વિચાર કર્યો અને એમના માટે વિવિધ પ્રકારના બેઝીક કોર્સીસ લઈ આવ્યા અને એ બધા કોર્સીસ એપ્રિલ મહિનાથી શરૂ કર્યા, એમા અમારી પાસે ૧૫૦ થી વધુ મહિલાઓ અને દિકરીઓ એ ભાગ લીધો. તે બધી મહિલાઓ અને દિકરીઓ આ બધા બેઝીક કોર્સ કરીને કાંઇક નવુ શિખીને પોતાના પગભર થવા તૈયાર થઇ રહી છે. આપણા વાગડ સમાજની મહિલાઓ ધારે તે શીખીને આગળ આવી શકે છે અને એનો પુરાવો આજ દિકરીઓ અને મહિલાઓ ભવિષ્યમાં કાંઇક નવુ કરીને આગળ આવશે અને સાબિત કરીને બતાવશે અને ત્યારે આપણા વાગડ સમાજને તેમના ઉપર ગર્વ થશે. એ બધાને ટ્રેનીંગ આપવા આવનાર આપણા જ સમાજની પારંગત મહિલાઓ, જે સમાજ માટે એક ગર્વ લેવા જેવી વાત છે, તે સર્વે મહિલાઓના નામ નીચે પ્રમાણે આપ્યા છે તે બધી મહિલાઓને ચોવીસી મહાજનના સર્વે અધિકારીઓ અને WOW CREATIONની સંપૂર્ણ ટીમ વતી ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ.

**હેર-કટ, હેર-સ્ટાઈલ, મેક-અપ**


કાજલ કલ્પેશ છેડા (ઘાટકોપર)


યશ્વી વિસનજી ગાલા (મલાડ)

**બ્યુટી એન્ડ હેર ટ્રીટમેન્ટ**


કાજલ કલ્પેશ છેડા (ઘાટકોપર)


જયશ્રી મુકેશ છેડા (મલાડ)

**ઈંડીયન, અરેબીક મહેંદી**


કીંજલ સમીર નિસર (ઘાટકોપર)


વનિતા કલ્પેશ છાડવા (મલાડ)

**જ્વેલરી ડીઝાઈનીંગ**


નીતા પ્રવિણ ગડા (મલાડ)

**હેન્ડીક્રાફ્ટ એન્ડ દિવાલી આઈટમ**


નિતા પ્રવિણ ગડા (ઘાટકોપર)

**બુકે, ટ્રુઝો પેકીંગ, આણા ડેકોર, લગ્ન વિધિ ડેકોરેશન આઈટમ**


નિતા પ્રવિણ ગડા (ઘાટકોપર)


સરલા વિપુલ શાહ (મલાડ)

**ઓરગેનીક સાબુ, કેક, કપ કેક, બંગાલી મિઠાઈ**


પ્રિતી ચંદ્રેશ કાયા (મલાડ - ઘાટકોપર)

**સ્ટીચીંગ એન્ડ હેન્ડ વર્ક**


પ્રિતી ચંદ્રેશ કાયા (ઘાટકોપર)


રસીલા પચાણ ગડા (મલાડ)

અમારો ધ્યેય એક એક ડગલુ ઉપર ચડવાનો હોવાથી ધીરે ધીરે અમારા બધા કોર્સ અમે કાયમી ધોરણે ઘાટકોપરમાં ચાલુ રાખવાનો વિચાર ધરાવીએ છીએ તો બહેનો જેમને પણ હજી આગળ કાંઇક નવુ શીખવાની ઇચ્છા હોય તો અમારા સંપર્કમાં રહેજો. શીખડાવવા માટે પણ તમે અમારો સંપર્ક કરી શકો છો.

જેટલી પણ બહેનોએ વિવિધ ક્લાસ કર્યા છે તેઓ જો આગળ પ્રેક્ટીસ કરીને પોતાના પગભર થાય એવી બહેનો અમારો સંપર્ક કરો અમે આપને સમાજમાં આગળ આવવાની તક આપશું અને તમારી જાહેરાત પત્રિકામાં ફ્રીમાં છાપશું જેથી સમાજ આપને વધારેમાં વધારે ઓળખે અને આપનો સંપર્ક કરી શકે.

**સંપર્ક :** જવેરબેન શાંતીલાલ કારીયા (કન્વીનર) - 97699 90111 ● ગુણવંતીબેન હસમુખ સત્રા (કન્વીનર) 98195 03050

નીતાબેન પ્રવિણ ગડા (સહ કન્વીનર) - 99200 54111

લિ. : હંસાબેન પપીન ચરલા (ઉપપ્રમુખ)

M-0

Chovishi Mahajan

# Shraddha Rehabilitation Foundation

## For The Mentally-ill Destitutes Of India

### રસ્તે રઝળતા નિરાધાર મનોરોગીઓનું સેવા ધામ (માનવમંદિર)



# શ્રદ્ધા આશ્રમનો આંખે દેખ્યો અહેવાલ

સુજ્ઞ દાનવીર સ્વજનશ્રીનો...

શ્રી વિરજી ભચુભાઈ ગાલાના અમે પરિવારજનો અમારા ભાઈ શ્રી ધીરજભાઈ વિરજી ગાલાની પુણ્ય સ્મૃતિમાં ''શ્રદ્ધા રીહેબીલીટિશન ફાઉન્ડેશન'' સંસ્થા–કર્જતની મુલાકાતે ગયા હતા. જેનો આખે દેખ્યો અનુભવ અમે તમારી સાથે શેર કરીએ છીએ. અમે શ્રી મણીલાલ ગાલા–નંદાસર અને શ્રી હસમુખ લખમશી શાહ–ગાગોદર સાથે વહેલી પરોઢે શ્રદ્ધા આશ્રમમાં પહોંચ્યા હતા. ત્યાં અમે વ્યક્તિગત્ રીતે બધા મનોરોગીઓની મુલાકાત લીધી. ત્યાં મહિલાઓ તથા પુરૂષો માટે અલગ અલગ વોર્ડ હતા. ટીમ શ્રદ્ધા દ્વારા મનોરોગીઓની થતી સારવાર અને કાર્યો જોઈને આંખોના ખુણા નમ થયા વીના ન રહે એવી કરૂણતાભરી પરિસ્થિતીનો અહેસાસ અમને થયો . અમને તો જાણે કળયુગમાં સતયુગના દર્શન થયા હોય એવો અનુભવ થયો. આ ભુલા–ભટકી પડેલા મનોરોગીઓ જ્યારે તેમના ઘરે તેમના આપ્તજનોને મળે છે. ત્યારે તેમના પરિવારોમાં કેવી ખુશીનો માહોલ ઉભો થાય છે તે અમે ડોક્યુમેન્ટ્રી ફીલ્મ દ્વારા જોયું. ત્યારે અમને સમજાયું કે સંસ્થાનું કાર્ય કેવું અદ્ભુત છે. ઘરેથી વિખુટા પડી વર્ષોથી ભટકી રહેલા, માનસિક રીતે અપૂર્ણ–પાગલોની જેમ ભટકતુ જીવન જીવતા મનોરોગીઓની શ્રદ્ધા સંસ્થા તેમની ડોક્ટોની ટીમની મદદથી ઈલાજ કરી સાજા–નરવા કરી બે જોડી કપડા તથા દવાઓ એક બેગમાં ભરી તેમને ઘર સુધી પહોંચાડે છે. આવા અદ્ભુત કાર્યો જોતા આજે અમને એવું કહેવામાં કોઈ જ અતિશયોક્તિનથી કે ઈશ્વરનું કાર્ય ડો. ભરતભાઈ વટવાણી દ્વારા થઈ રહ્યું છે અને ડો. ભરતભાઈવટવાનીને જે એવોર્ડ મળ્યો છે એ એકદમ યોગ્ય છે .

**આજે અમે શ્રદ્ધા આશ્રમવતી માનવતાપ્રેમી દાનવીર સ્વજનશ્રીઓને નમ્રતાપૂર્વક અપિલ કરીએ છીએ કે : સંસ્થાની નાની-મોટી વિવિધ જરૂરીયાતો જો દાનવીરો પૂરી પાડે તો સંસ્થાને મનોરોગીઓની સારવાર કરવામાં વધુ સરળતા બની રહે. આપને ત્યાં આવતા શુભ પ્રસંગો, લગ્ન પ્રસંગ, જન્મદિન, લગ્ન એનિવર્સરી, મુંડન વિધિ, વડિલોની પુણ્યતિથિ વગેરે પ્રસંગોએ સંસ્થાને યાદ કરી સહકાર આપો અને બીજાને પણ સહકાર આપવા પ્રેરણા આપો. કેમકે આંગળી ચીંધ્યાનું પુણ્ય પણ ખુબ શ્રેષ્ઠ હોય છે.**

તમારું દાન ચેકથી અથવા ડ્રાફ્ટથી સંસ્થાની ઓફિસે અથવા ટીમ શ્રદ્ધાના સભ્યોનો સંપર્ક કરી મોકલી શકો છો.

મહાન જૈન ધર્મના વ્હાલાઓ ''સખાવતથી શ્રેષ્ઠતા આંબશે'' તો મોડું નહી કરતા. જય જિનેન્દ્ર.

લિ.

**શ્રી વિરજીભાઈ ભચુભાઈ ગાલા પરિવાર (લાકડીયા)**

નિતીન ગાલા, રંજન ગાલા, વૈરાગ ગાલા, મિત ગાલા, ધૈર્ય ગાલા, અતુલ ગાલા, ભારતી ગાલા
ઈશ્વર શાહ, ગીતા શાહ, શ્રુતી શાહ, દર્શલ શાહ, પુજન શાહ, રિતેશ ગાલા, વિરલ નંદુ - ભચાઉ,
પરીતા નંદુ - ભચાઉ, શ્રેયાંશ ગાલા, અનેરી ગડા, મેઘજી ગડા, હીરૂ ગડા

M-607



''શ્રદ્ધા રિહેબીલીટિશન ફાઉન્ડેશન'' સંસ્થાની મુલાકાત લેવી હોય તો ટીમ શ્રદ્ધાના સક્રીય સેવાધારી સભ્યો

* શ્રી મહેન્દ્ર સંગોઈ (રામદેવ ગ્રુપ) (ટોડા-કચ્છ) : ૯૮૨૧૧૫૧૩૬૪
* શ્રી હસમુખ લખમશી શાહ (ગાગોદર) : ૯૮૨૧૧૬૭૧૭૭
* શ્રી મણીલાલ ભુરાલાલ ગાલા (નંદાસર) : ૯૮૭૦૭૨૭૨૫૨

નો સંપર્ક કરી શકો છો.



Chovishi Mahajan

## શ્રી વાગડ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન (SVGA)

આજના યુગની, સૌથી મોટી ખાણ કઈ છે? ઓળખાણ?
ના એ તો જુની વાત થઇ ગઇ, આ સદીની નવી ખાણ છે
**'DATA MINING'** માહિતીનું ખોદકામ,
માહિતી ભેગી કરવી અને એનો ઉપયોગ કેમ કરવો?

**તારીખ અને વાર યાદ છે ને ?**

**રવિવાર, તા. ૯-૬-૨૦૧૯**

લિ. SVGA BUSINESS CLINIC COMMITTEE

DM-247

## રઘુલીલા મોલમાં બાળકો માટે મેમરી કાઉન્સેલીંગ

તમારા બાળક બીજા ધોરણથી પોસ્ટ ગ્રેજ્યુએશનની વચ્ચે ભણે છે? અમુક મેમરી ટેક્નીકોની મદદથી લાંબા જવાબો સરળતાથી યાદ રાખી શકાય. ૨૧-૨૨ મે ના રોજ કાંદિવલી રઘુલીલા મોલમાં બે દિવસીય SM2 સુપર મેમરી માસ્ટર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેની ફ્રી કાઉન્સેલીંગ આજથી લઈને સોમવાર (૨૦ મે) સુધી યોજેલ છે. ૩૦ મિનિટની એપોઈન્ટમેન્ટ આજે જ બુક કરો. ૧ મેમરી ટેક્નીક પણ શીખવાડવામાં આવશે.

**સંપર્ક : 88980 08624**

(D-088)


## શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન અને RAJ COMPUTERS ACADEMY

We make IT happen
Since 1996

A Div. Of : Raj Software Technology (INDIA) Ltd.

Special Program designed For HSC, B.Com, B.M.S., B.A.F., B.B.I., B.F.M. and for those who want to pursue their CAREER in Accounts, Finance and Taxation



**SPA**
Smart Professional Accountant

1. Operating Systems & Application Management (Advance Ms-Office + Advance Excel)
2. Certificate Course in Computerised Accounting (Tally Operating with Reports)
3. Certificate Course in Advanced Computerised Accounting
4. Certificate Course in Tax Administration (Full Income Tax + GST Law with Return Filing)
5. Certificate Course in Capital Market (Share Market + Investments + Mutual Funds)
6. Certificate Course in Business Management

આપણા સમાજ ના વ્યક્તિઓ માટે
MRP Rs. ~~42000/-~~
Only at Rs. 14000/-

M-0

વધુ વિગત માટે ફોન: 28834525 / 28834317 Mahen Chhadwa:9769737444




SHREE JIVDAYA MANDAL-RAHPAR
## શ્રી જીવદયા મંડળ-રાપર
સ્થાપના સંવત : ૨૦૨૪

### શ્રી જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ) આભાર માને છે

| | | | |
|---|---|---|---|
| ૧૯,૯૧૦/- | ગામી શામાભાઇ પરમાભાઇ | ખીરઇ | મકાઇ |
| ૧૭,૬૮૦/- | ગામી ગણેશભાઇ કરસનભાઇ | કાભુડા | મકાઇ |
| ૧૭,૪૩૦/- | શ્રી વીરાભાઇ ભુરાભાઇ મંજેરી | સાંય | રંજકો-મકાઇ |
| ૧૬,૨૮૦/- | શ્રી મુરજીભાઇ માડણ ડુબરીયા | સઇ | મૌડી |
| ૧૫,૦૦૦/- | પટવા વૃષ્ટિ વિપુલભાઇ | સુરત | મકાઇ |
| ૧૩,૩૫૦/- | શ્રી નવદુર્ગા ગરબી મંડળ | હળવદ | મકાઇ |
| ૧૨,૬૧૦/- | શ્રીમતી પ્રેમબાઇ વાલજી વાઘાણી | માધાપર | રંજકો |
| ૧૨,૪૫૦/- | શ્રી ભનુભાઇ ધરમશી હાથીયાણી | બાદરગઢ | શીંગકટી |
| ૧૨,૧૦૦/- | શ્રીમતી પરમાબેન રાજાભાઇ રાવરીયા | પ્રાગપર | રંજકો |
| ૧૦,૮૫૦/- | શ્રી લેઉવા પાટીદાર સમાજ | સઇ | મૌડી |
| ૧૦,૬૬૦/- | શ્રી કેશાભાઇ અવચર દેવડા | નંદાસર | મૌડી |
| ૧૦,૦૦૦/- | શ્રીમતી નાનુબેન નાનજી ગામી | સલારી | જુવાર |

લીલો ચારો વસ્તુ ભેટ રૂપે દાનમાં મોકલનાર સર્વે ઉદારદિલ દાતાશ્રીઓને ૧૩૧૧૯ અબોલ પશુઓ વતી શુભ આશિર્વાદ પાઠવીએ છીએ. સૌને યથાશક્તિ દાન માટે નમ્ર વિનંતી છે.

આપના દાન માટે મુંબઇમાં સંપર્ક : અમૃતલાલ કોરડીયા - 99203 13048
સુરેશભાઇ કુબડીયા - 99208 07260 • દેવેનભાઇ જોષી - 93200 77881

**લિ. મંત્રી**

(DM-227-A)



SHREE JIVDAYA MANDAL-RAHPAR
## શ્રી જીવદયા મંડળ-રાપર
સ્થાપના સંવત : ૨૦૨૪

### શ્રી જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ) તરફથી દાતાશ્રીઓની હાર્દિક અનુમોદના સહ આભાર

| | | |
|---|---|---|
| ૫૧,૦૦૦/- | મિણાત ભગવાનજી ધરમશી પટેલ | કોપર ખેરને |
| ૩૦,૦૦૦/- | માતુશ્રી વેલુબેન કાંતિલાલ વોરા પરિવાર | ચિત્રોડ (હાલે મુંબઇ/ભુજ) |
| ૨૫,૦૦૦/- | સ્વ. મનોજભાઇના સ્મરણાર્થે હસ્તે મોરબીયા માવજી સોમચંદ પરિવાર | રાપર (હાલે મુંબઇ) |
| ૧૫,૦૦૦/- | પારેખ નાનાલાલ રતિલાલ ચિ. મિતના શુભ લગ્ન પ્રસંગે | જાટાવાડા |
| ૧૫,૦૦૦/- | પારેખ સેવંતિલાલ ખીમજી ચિ. મિતના શુભ લગ્ન પ્રસંગે | જાટાવાડા |
| ૧૫,૦૦૦/- | શ્રીમતી દિવાળીબેન કુંવરજી નાનજી શાહ | આધોઇ (મલાડ) |
| ૧૧,૦૦૦/- | માતુશ્રી મેરઇબેન હીરજીભાઇ ગડા | ગાગોદર (હાલે કાલિના) |
| ૧૧,૦૦૦/- | મહેતા જયેશકુમાર રમણીકલાલ ચિ. દિપના શુભ લગ્ન પ્રસંગે | રામવાવ |
| ૧૧,૦૦૦/- | માતુશ્રી ધનગોરીબેન ભોગીલાલ મણીલાલ દોશી પરિવાર (વરસીતપ નિમિત્તે) | ફતેહગઢ (હાલે દાદર) |

સર્વે ઉદારદિલ દાતાશ્રીઓને ૧૩૧૧૯ લાચાર, નિરાધાર, મૂંગા અને દુઃખી પશુઓ વતી શુભ આશિર્વાદ પાઠવીએ છીએ. દેશમાં દુષ્કાળની પરિસ્થિતી છે. સૌને યથાશક્તિ દાન મોકલવા વિનંતી.

આપના દાન માટે મુંબઇમાં સંપર્ક : અમૃતલાલ કોરડીયા - 99203 13048
સુરેશભાઇ કુબડીયા - 99208 07260 • દેવેનભાઇ જોષી - 93200 77881

**લિ. મંત્રી**

(DM-232-C)

# શ્રીયુત મિત્ર મંડળ (ભચાઉ) મુંબઈ

દ્વારા આયોજીત



## DAY-NIGHT TURF CRICKET TOURNAMENT

**: DATE :**
19/05/2019, Sunday
8.00 am Onwards

**: VENUE :**
Om Turf,
JVPD Ground, Juhu.

**Sponsorers**

| | | |
|---|---|---|
| માતુશ્રી મોંઘીબેન સામતભાઈ સાંગણ ગાલા પરિવાર | શ્રીમતી વિમળાબેન અમરશી મણશી નિસર પરિવાર | માતુશ્રી હાંસઈબેન હોથીભાઈ વણવીર ગાલા પરિવાર |
| TIMEX GROUP | MAHAVIR-NX | ZOLA |

આપને જણાવતા આનંદ સાથે ગૌરવ અનુભવીએ છીએ કે ભચાઉ ગામની આ પ્રથમ ટુર્નામેન્ટ છે જેમાં મુંબઈના દરેક એરીયાની ૫૬ ટીમો ભાગ લઈ રહી છે.
ત્યારે આપ સૌ ભચાઉ વાસીઓને ખેલાડીઓનો જુસ્સો વધારવા તેમને પ્રેત્સાહન આપવા પધારશો...
ભચાઉ ગામની છાપ શીસ્તપ્રેમી ગામની છે તેમાં આપ આ છાપ (શાખ) જળવાઈ રહે તે માટે કાર્યકર્તાઓને મદદરૂપ બનશો એજ અપેક્ષા છે...

### ખાસ સુચના

(૧) આ ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર દરેક પ્લેયરોએ (ત્રણે ગ્રુપની ટીમો) તથા વોલીન્ટીયર્સ ભાઈઓ - બહેનોએ સવારે સાર્પ ૮.૦૦ વાગે રીપોર્ટીંગ કરવાનું રહેશે.

(૨) ત્રણે ગ્રુપ મળીને ૮૨ મેચો રમાડવામાં આવશે તેથી મેચો વહેલી શરૂઆત કરવાની હોવાથી દરેક ટીમના પ્લેયરોએ સમયસર આવીજવું.

(૩) વેલેટ પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૪) મુલ્યવાન ચીજ-વસ્તુ સાથે ન રાખવા વીનંતી. કંઈપણ ચીજ-વસ્તુ ખોવાઈ જાય અથવા ચોરાઈ જાય તો એ માટે સંસ્થા જવાબદાર રહેશે નહી. આપની ચીજ-વસ્તુઓની સંભાળ આપે ખુદેજ રાખવાની રહેશે.

(૫) આ સંપુર્ણ ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટનું LIVE પ્રસારણ YOU TUBE ઉપર કરવામાં આવશે.

YouTube LINK : https://youtu.be/bGebtssqUKA



### લિ. શ્રીયુત મિત્ર મંડળ (ભચાઉ) મુંબઈ

ચેરમેન ટ્રસ્ટી : ડી. ટી. નિસર
મેનેજીંગ ટ્રસ્ટી : દેવજી કરસન છેડા
ટ્રસ્ટી : નેણશી ડુંગરશી નંદુ
ટ્રસ્ટી : તલકશી વેરશી ફરીયા

પ્રમુખ - ટ્રસ્ટી : ધીરજ દેવજી કારીઆ
ઉપ પ્રમુખ - ટ્રસ્ટી : દામજી લખમશી ફરીયા
ઉપ પ્રમુખ : મેઘજી માડણ ગાલા

માનદ મંત્રી - ટ્રસ્ટી : ખીમજી દેવશી નંદુ
માનદ મંત્રી : શાંતીલાલ વેરશી ફરીયા
માનદ મંત્રી : નવીન કેશવજી નિસર
ખજાનચી : હસમુખ વેલજી ફરીયા

### કારોબારી સભ્યો

અતુલ પુનશી ફરીયા | કેતન નાનજી ગાલા | રમેશચંદ્ર દામજી ગડા | શશીકાંત વિરજી ખુથીયા | જગદિશ કાનજી કારીઆ | નવીન ધમરશી નિસર | જતીન રવજી સત્રા | કિર્તી લખમશી ગાલા | હિતેશ રૂપશી કારીઆ | લતેશ વેલજી ફરીયા

### યુવા કમિટી

કિર્તી લખમશી ગાલા (કન્વીનર)

નવીન ધરમશી નીશર • હિતેશ રૂપશી કારીયા • જતીન રવજી સત્રા • સ્મીત કેશવજી છેડા • ભાવેશ ચંદુલાલ નંદુ • શશીકાંત વિરજી ખુથીયા

C-061



Chovishi Mahajan

# શ્રી આધોઈ પાંજરાપોળ

PAN.NO.AABTAO263A

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. ઈ - ૩૯ (કચ્છ)-ગુજરાત

DONATION EXEMPTION u/s 80G(5) of I.T.Act Obtained permanently Vide No. CIT R-I/TECH/80G 2011-12 Dtd. 27-02-2012

મુંબઈ કાર્યાલય : મહાવીર જનરલ સ્ટોર્સ, ૧૫૪, બોરાબજાર સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૦૧. ફોન : ૦૨૨-૨૨૬૧ ૨૨૩૧/૯૮૨૧૨૮૭૪૨૮ (સુરેશ)



**લગ્ન પ્રસંગે અનુમોદનીય અનુકરણીય અનુદાન બદલ ખૂબ ખૂબ આભાર... અભિનંદન...**



માતુશ્રી ખીમઈબેન કેશવજી માઈયાભાઈ રીટા



**ચિ. વૈભવ ♥ ચિ. ધ્વની**

**અ.સૌ. જયશ્રીબેન નાગજી કેશવજી રીટા**

વાગડની ધીંગીધરાના ગામ **લાકડીયાના** **માતુશ્રી ખીમઈબેન કેશવજી માઈયા રીટા**ના સુપૌત્ર અને **શ્રીમતી જયશ્રીબેન અને શ્રી ડૉ. નાગજી કેશવજી રીટા**ના લાડલા સુપુત્ર **ચિ. વૈભવ**ના શુભલગ્ન પ્રસંગે **શ્રી આધોઈ પાંજરાપોળ** સંસ્થામાં આશ્રિત અબોલા જીવોની સુખાકારી હેતુ માતબર રકમનું અનુદાન અર્પણ કરવા બદલ આ દાતા પરિવારનો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે અને ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

આપણા વાગડની માતૃસંસ્થા **શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજનના પ્રમુખ શ્રી ડૉ. નાગજીભાઈ** એ તેમના સુપુત્ર **ચિ. વૈભવ**ના લગ્ન પ્રસંગે વાગડની બધી જ સંસ્થાઓ તેમજ પાંજરાપોળોને માતબર રકમનું અનુદાન આપીને પ્રમુખને છાજે એવું ઉદાહરણ સમાજને આપ્યું છે. પુણ્યબળે સાંપડેલ લક્ષ્મીને આ અનુદાન આપીને આ દાતા પરિવારે મહાલક્ષ્મી બનાવી છે. સમાજ માટે કાયમ સમર્પિત રહેનાર **ડૉ. નાગજીભાઈ** અને એમના સમસ્ત પરિવારને પરમ કૃપાળુ પરમાત્મા તંદુરસ્તીભર્યું દીર્ઘાયુ આપે અને આપ હંમેશા સમાજ ઉપયોગી કાર્યો કરતા રહો એવી પ્રભુ શક્તિ આપે અને ધાર્મિક, સામાજીક તેમજ જીવદયાના ક્ષેત્રે આનાથી પણ વધુ સારા કાર્યો આપના તરફથી હરહંમેશ થતા રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના સાથે આપને અભિનંદન... શુભકામના... મંગલ આશિષ.

**ચિ. વૈભવ અને ચિ. ધ્વનીનું લગ્નજીવન સુગંધીત ફુલોની જેમ મહેકતુ રહે એવી શુભેચ્છા.**

**લિ. ટ્રસ્ટી ગણ**

- શ્રી વેલજી નરશી શાહ (મામા) (ટ્રસ્ટી/પ્રમુખ) થાણા
- શ્રી લખમશી પ્રેમજી નિસર (ટ્રસ્ટી/ઉપપ્રમુખ) બોરીવલી
- શ્રી પોપટલાલ નરશી છેડા (ટ્રસ્ટી / માનદ્‌મંત્રી) આધોઈ
- શ્રી સુરેશ વેલજી ફરીયા (ટ્રસ્ટી/ખજાનચી)ફોર્ટ
- શ્રી પોપટલાલ હીરજી ગડા (ટ્રસ્ટી / ઉપપ્રમુખ) પુના
- શ્રી મુલચંદ જેઠાલાલ ગાલા (ટ્રસ્ટી/ઉપપ્રમુખ) વાશી
- શ્રી વેલજી ભારા છેડા (ટ્રસ્ટી/સહ ખજાનચી)ગ્રાન્ટ રોડ
- શ્રી ચાંપશી આંબા ચરલા (ટ્રસ્ટી/માનદ્‌મંત્રી)કાંદિવલી

**નાગરિક - થાણા**
શ્રી વેલજી નરશી શાહ (મામા)
શ્રી મનોજ વેલજી શાહ
શ્રી પ્રદીપ વેલજી શાહ

**પત્રિકા સૌજન્ય**
મામા - ભાણેજની જોડી
લિ. ટ્રસ્ટીઓ

**વુડમૉલ - થાણા**
શ્રી મુલચંદ જેઠાલાલ ગાલા (ભાણેજ)
શ્રી પ્રેમજી જેઠાલાલ ગાલા (ભાણેજ)
શ્રી ધનજી જેઠાલાલ ગાલા (ભાણેજ)

PP-279

# Congratulations!

## અભિનંદન... અભિનંદન... અભિનંદન...




ગામ સુવઈના સત્રા કુટુંબનું ગૌરવ

માતુશ્રી હીરૂબેન કરસન ભચુભાઈ સત્રાના

સુપૌત્ર અને અમારા પરમ મિત્ર

અ.સૌ. હિના નિતેશ સત્રાના સુપુત્ર

**ચિ. દેવાંશ**

**ICSE BOARD EXAM 10th માં**

**98.60% મેળવીને**

શૈક્ષણિક ક્ષેત્રે યશસ્વી સફળતા સર કરી

પરિવારનું નામ રોશન કર્યું છે.

જીવનમાં દરેક પગલે સફળતા વરે

એવી હાર્દિક અભિલાષા સાથે

હાર્દિક અભિનંદન.

**લિ.**

અ.સૌ. ગીતા પ્રકાશ છાડવા (સુવઈ)

(ધ્વની, નૈનીસા, દિવીત)

અ.સૌ. જીજ્ઞા કિર્તી ગડા (ભચાઉ)

(ધર્મી, માયરા)

અ.સૌ. પ્રિતી જયેશ ગાલા (ભચાઉ)

(દષ્ટિ)

M-592

Chovishi Mahajan

# શ્રી આધોઈ સ્થાનકવાસી છ કોટિ જૈન સંઘ (મુંબઈ)

સંચાલિત

## માતુશ્રી જીવતીબેન કાંતિલાલ જીવરાજ ગડા જૈન ધર્મ સ્થાનક

### ધન્યવાદ – આભાર

ઉપરોક્ત સંસ્થા દ્વારા **શ્રી આધોઈ સ્થાનકવાસી છ કોટિ જૈન સંઘ**ના સર્વ સભ્યો – શ્રાવકોની જનરલ મિટીંગ રાખવામાં આવી હતી. તારીખ ૧૫-૦૫-૨૦૧૯ ને બુધવારે, રાત્રે ૮ થી ૧૧ કલાક સુધી સ્થળ : વાગડ કલા કેન્દ્રની નવી ઓફિસમાં ૧લે માળે, કરસન લધુ નિસર હોલની સામે, દાદર (વેસ્ટ) માં રાખી હતી તો આ મિટીંગમાં **શ્રી આધોઈ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ (મુંબઈ)** ના સર્વ સભ્યો ભાઈઓ શ્રાવકજનો સારી સંખ્યામાં હાજર રહી સર્વાનુમતે નીચે મુજબના બન્ને ઠરાવ પાસ કરેલ છે.

### પાસ થયેલ ઠરાવો

(૧) ગયા વર્ષના સવંત ૨૦૭૪/૨૦૧૮નો ઓડિટ થયેલ હિસાબો રજૂ કરવામાં આવેલ હતા તે હિસાબો સર્વાનુમતે પાસ કરવામાં આવેલ છે.

(૨) આજની આ મિટીંગમાં પાંચ વર્ષ માટે તા. ૧૫-૦૫-૨૦૧૯ થી તા. ૧૪-૦૫-૨૦૨૪ સુધી નવી કમિટીની સર્વ સભ્યો – શ્રાવક ભાઈઓની હાજરીમાં સર્વાનુમતે ઠરાવ પાસ થઈ ગયો છે. નવી કમિટી નિમણુંક થઈ ગયેલ છે.

### નીચે મુજબના નવી કમિટીના હોદ્દાના નામો

(૧) પ્રમુખ : શ્રી હીરજી મેઘજી ગડા
(૨) ઉપપ્રમુખ : શ્રી ઋષભ કાંતીલાલ ગડા
(૩) મંત્રી : શ્રી ભરત શાંતીલાલ ગડા
(૪) મંત્રી : શ્રી ચુનીલાલ વણવીર ગાલા
(૫) ખજાનચી : શ્રી ભગવાનજી કુંવરજી ગાલા
(૬) ખજાનચી : શ્રી ખીમજી જીવરાજ ગડા

### કારોબારી – કમિટી

(૧) શ્રી મહેશ હરગણ ગાલા
(૨) શ્રી હિતેશ કાનજી ગડા
(૩) શ્રી નાનજી દેવશી ગડા
(૪) શ્રી રાજેશ રતનશી ગડા
(૫) શ્રી સચીન કેશવજી ગડા
(૬) શ્રી કીર્તી પચાણ ગડા
(૭) શ્રી ચીન્ટુ અમૃતલાલ ગડા

નવી કમિટીના હોદ્દેદારોને શ્રી આધોઈ સ્થાનકવાસી સંઘના સર્વ સભ્યો – શ્રાવકભાઈઓની હાજરી આપી સર્વાનુમતે ઉપર મુજબના મેમ્બરોની હોદ્દેદારોની રચના કરી ઠરાવ પાસ કરેલ તે બદલ સર્વ ચુંટાયેલા નવી કમિટીના મેમ્બરો હોદ્દેદારોવતીથી **શ્રી આધોઈ સ્થાનકવાસીના સર્વ સભ્યો** - શ્રાવકભાઈઓને ખૂબ ખૂબ ધન્યવાદ... આભાર...

C-060

**લિ. મંત્રીઓ અને સર્વ અધિકારીગણ અને કારોબારી સભ્યો જય જિનેન્દ્ર...**



SHREE JIVDAYA MANDAL-RAHPAR

# શ્રી જીવદયા મંડળ-રાપર

સ્થાપના સંવત : ૨૦૨૮

## શ્રી જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ) દાતાશ્રીઓનો હાર્દિક આભાર

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫,૦૦૦/– | મેસર્સ દિપાલી એન્ટરપ્રાઈઝ | ગાંધીધામ | ૧૧,૭૭૧/– | શ્રી ઠાંસ પરિવાર તરફથી વૃજવાણી | |
| ૨૫,૦૦૦/– | શ્રી ઘનશ્યામ માવજીભાઈ ભાસડીયા પરિવાર | સઈ | | (શ્રીમદ્ ભાગવત સપ્તાહ નિમિત્તે) | |
| ૨૫,૦૦૦/– | શ્રી ગ્રામ સ્વરાજ સંઘ | નીલપર | ૧૧,૦૦૧/– | શ્રી અનિલભાઈ દલાભાઈ પ્રજાપતી | સુરત |
| ૨૧,૦૦૦/– | વોરા પ્રિયા શશીભાઈ (સાગર) પ્રવિણચંદ્ર | અમદાવાદ | ૧૧,૦૦૦/– | સ્વ. પ્રેમજી મેઘજી ગાલાની વાર્ષિક પુણ્યતિથી | લાકડીયા |
| | મોરબીયા કાંતીલાલ મગનલાલના જન્મ દિવસ નિમિત્તે | રાપર (ભુજ) | | નિમિત્તે હસ્તે નવલબેન પ્રેમજી ગાલા | |
| ૧૫,૦૦૦/– | વોરા ઉમેશભાઈ મગનલાલ પરિવાર | ગાગોદર (જોગેશ્વરી) | ૧૧,૦૦૦/– | સાતુંદા ચંદુલાલ ચમનલાલ | રાપર (મુંબઈ) |
| ૧૫,૦૦૦/– | શ્રી મોમાય માતાજી મંદિર | | ૧૧,૦૦૦/– | પૂ. નયપૂર્ણા મ.સા.ના ૩૧ ઉપવાસની તપસ્યા | |
| | (દેવલિયા પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે) | પલાસવા | | નિમિત્તે શ્રી અંબરવન જૈન દેરાસર તરફથી | અમદાવાદ |
| ૧૫,૦૦૦/– | શ્રી ખોડાભાઈ હરીભાઈ રાઠોડ | | ૧૧,૦૦૦/– | મહેતા જયંતીલાલ શંભુલાલના આત્મશ્રેયાર્થે | ગાગોદર (ભુજ) |
| | હસ્તે બાબુભાઈ ખોડાભાઈ રાઠોડ | ગેડી | ૧૧,૦૦૦/– | શ્રી દિનેશભાઈ વાડીલાલ શાહ | મુંબઈ |

સર્વે ઉદારદિલ દાતાશ્રીઓને ૧૩૧૧૯ નિરાધાર, લાચાર, મૂંગા અને દુઃખી પશુઓ વતી શુભ આશિર્વાદ પાઠવીએ છીએ. મોટી સંખ્યા અને રોજના પાંચ લાખથી છ લાખ જેટલા ખર્ચને પહોંચી વળવા સૌને યથાશક્તિ દાન મોકલવા નમ્ર વિનંતી છે.

**આપના દાન માટે મુંબઈમાં સંપર્ક :**

**અમૃતલાલ કોરડીયા - 99203 13048 • સુરેશભાઈ કુબડીયા – 99208 07250 • દેવેનભાઈ જોષી – 93200 77881**

**લિ. મંત્રી**

DM-232-B

©hovishi Mahajan

# શ્રી મુલુંડ વાગડ વિશા ઓસવાળ સમાજ

## ઉદારદિલ દાતાશ્રીની અંતઃકરણથી અનુમોદના...


માતુશ્રી રમાબેન

## શ્રીમતી કમળાબેન નેણશી માડણ ગીંદરા

## (ગામ ભરૂડીયા) દ્વારા


પિતાશ્રી માડણભાઈ

## ચિ. સાગરના શુભ લગ્ન પ્રસંગે

## પોતાની કર્મભૂમિ મુલુંડ સ્થાને બિરાજતી સંસ્થાને વિશેષથી યાદ કરી

## માતબર રકમનું દાન કરી

## ઉદારતાનો વિશેષ પરિચય આપેલ છે.



Chovisni Mahajan

સંસ્થા આ દાતા પરિવારનો ખૂબ આભાર માને છે અને અભિનંદન પાઠવે છે.
પરમકૃપાળુ પરમાત્મા દાતા પરિવાર પર પોતાની
અમીદ્રષ્ટિ હરહંમેશ વરસાવતા રહે એવી શુભકામના..અભ્યર્થના...

**ચિ. સાગર અને ચિ. હિનલનું લગ્નજીવન**
ખૂબ જ સફળ, શાતાદાયક અને આનંદમય રહે
તેવી શુભેચ્છા...

શ્રી સંઘ–સમાજના પ્રત્યેક ક્ષેત્રે
ઉચ્ચ યોગદાન આપી ધર્મયોગી બનનારા તથા
પરોપકાર વૃત્તિને આત્મસાત કરનારા આપ
આશિષ પામી તંદુરસ્ત ને દીર્ઘાયુ બનો.
આપનું જીવન સહાય સત્કર્મોની
સુવાસથી મધમઘતુ રહે
**એજ મંગલ શુભેચ્છા**


શ્રીમતી કમળાબેન નેણશી

૨૦ વર્ષથી મંડળની પ્રવૃત્તિઓને
સતત ધબકતી રાખવા
ભવિષ્યમાં આવા જ સાથ અને
સહકારની અપેક્ષા...

M-608

## પત્રિકા સૌજન્ય : અ.સૌ. કલ્પનાબેન મનસુખ દુદાભાઈ સત્રા (સુવઈ)

# શ્રી કચ્છ-વાગડ લાકડીયા પાંજરાપોળ

કાર્યાલય : ગાળા નંબર-૩૧૦, કોસમોસ પ્લેટીનમ, ભવાનીશંકર રોડ,
દાદર-વેસ્ટ, મુંબઈ-૨૮. ટેલિ.નં.: 2436 1700 / 2437 88 33



કચ્છ વાગડ
સામખીયારી

મુંબઈ
દાદર

Chovishi Mahajan

## સ્વ. માતુશ્રી અરઘાબેન ધનજી પાંચા છાડવા (ઉં.વ.૯૯)

ગામ **સામખીયારી**ના **સ્વ. માતુશ્રી અરઘાબેન ધનજીભાઈ પાંચાભાઈ છાડવા**ની
**પ્રથમ માસિક પૂણ્યતિથી** નિમિત્તે **શ્રી રમણીકલાલ ધનજીભાઈ પાંચાભાઈ છાડવા** પરિવાર તરફથી
**શ્રી કચ્છ વાગડ લાકડીયા પાંજરાપોળ**ને માતબર રકમનું અનુકરણીય,
અનુમોદનીય, અમૂલ્ય, અનુદાન મળેલ છે.
આવા ધર્મપ્રેમી, જીવદયાપ્રેમી, કરુણાસભર દાતા પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરી
દાતા પરિવારનો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે.
આ અનુદાન સંસ્થાના **૬૧૫૬** અબોલા પશુઓની આંતરડી ઠારેલ છે.
આ સદ્કાર્ય થકી દાતા પરિવારને અબોલ પશુઓના આશિર્વાદ અને શુભકામનાઓ પ્રાપ્ત થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા આ દાતા પરિવારને સુખ, સમૃધ્ધિ, યશ અને દિર્ઘાયુષ્ય બક્ષે અને ધાર્મિક
અને સામાજીક ક્ષેત્રે આવા ઉમદા કાર્યો કરવાની અગાધ શક્તિ આપે એવી
સંસ્થા અને અબોલા પશુઓ તરફથી શુભેચ્છા.
**સ્વ. માતુશ્રી અરઘાબેનના** સ્મરણાર્થે આ અનુદાન આપી દાતા પરિવારે ખૂબ જ ભાવભરી
શ્રધ્ધાંજલિનું ઉદાહરણ પુરુ પાડેલ છે.વિતરાગ પ્રભુ **સ્વ. માતુશ્રી અરઘાબેન ધનજીભાઈ છાડવા**ના
પવિત્ર પૂણ્યશાળી આત્માને ચિરઃશાંતી અર્પે એવી સંસ્થા અને અબોલા પશુઓ વતી પ્રાર્થના
કરીએ છીએ અને તેમના નિર્મળ આત્મા પ્રત્યે નતમસ્તકે શ્રધ્ધા સુમન અર્પણ કરીએ છીએ...

**લિ. ટ્રસ્ટી મંડળ**

DM-253

આભાર ★ ધન્યવાદ ★ આભાર ★ ધન્યવાદ ★ આભાર

જીવદયા એજ પ્રભુસેવા



# શ્રી ભચાઉ પાંજરાપોળ

સ્થાપના : સં. ૨૦૧૦ ટ્રસ્ટ રજી. નં. ઈ-૫૩ (ભુજ-કચ્છ)

## ભાવભરી શ્રધ્ધાંજલી...



ગામ લાકડીયા ના
માતુશ્રી રામુબેન ભચુભાઈ ભીમાભાઈ રીટા
ના આત્મશ્રેયાર્થે તેમના પરિવાર જનોએ
શ્રી ભચાઉ પાંજરાપોળ સંસ્થાના
વધુ વૃક્ષ ઉગાડો અભિયાનમાં જોડાઇ
નિસર્ગ પ્રેમી પરિવાર તરીકે
**શ્રી ભચાઉ પાંજરાપોળ માં**
**૧૦ ઝાડ ઉગાડવા માટે**
**રૂા. ૧,૦૦,૦૦૦/- નું અનુદાન આપેલ છે.**
તે બદલ શ્રી ભચાઉ પાંજરાપોળ સંસ્થા તેમનો
ખુબ - ખુબ આભાર વ્યકત કરે છે.

તેમના આ સુકૃત કાર્ય થી
શ્રી ભચાઉ પાંજરાપોળ ના પશુઓને
ઉનાળાની કપરી ગરમીમાં
છાયડો મળશે.



**માતુશ્રી રામુબેન**
**ભચુભાઈ ભીમાભાઈ રીટા**

વૃક્ષોનું ઉછેર કરવાથી વાતાવરણમાં શુધ્ધતાં
અને તાપમાન ઠંડુ રહેવાથી શ્રી ભચાઉ પાંજરાપોળ માં
આશ્રય લઈ રહેલ પશુઓનાં અંતર આશિષ મળશે.

આપશ્રી દાતા પરિવારે માતબર અનુદાન આપીને ૪૪૦૦ મુંગા પ્રાણીઓનાં અંતર આશીષ મેળવી જીવનને ધન્ય બનાવ્યું છે.

પરમ કૃપાળુ પરમાત્મા "રામુ માઁ" ના આત્માને પરમ શાંતી આપે એવી ભાવભરી પ્રાર્થના...

શ્રેષ્ઠ પુણ્યને પ્રાપ્ત કરવા દયા અને કરૂણાના ભગીરથ કાર્યો માં સહભાગી બનો એજ અભ્યર્થના...

**લિ.: ટ્રસ્ટીશ્રીઓ**

શ્રી ભચાઉ પાંજરાપોળમાં અનુદાન લખાવવા ઈચ્છુક પુણ્યશાળીઓએ સંપર્ક કરવો...

(૧) ટ્રસ્ટી શ્રી લખમશી કેશવજી વિસરીયા - મો.: 9820321888
(૨) ટ્રસ્ટી શ્રી લાલજી ખીરાભાઈ ખુથીયા - મો.: 9930541170
(૩) ટ્રસ્ટી શ્રી બાબુભાઈ રતનશી ખુથીયા - (સ્થાનીક) મો.: 09879322928

(૪) ટ્રસ્ટી શ્રી ડી.ટી. નિસર
(૫) ટ્રસ્ટી શ્રી દેવજી કરસન છેડા
(૬) ટ્રસ્ટી શ્રી લક્ષ્મીચંદ દેવજી કારીઆ
(૭) ટ્રસ્ટી શ્રી અમરશી ડુંગરશી નિસર
(૮) ટ્રસ્ટી શ્રી નાગશી તેજશી ગડા

ZanURi grafik : Ritesh Ramnik Nandu : 9967890250 (DT-62)

આભાર ★ ધન્યવાદ ★ આભાર ★ ધન્યવાદ ★ આભાર

DT-62

Chovishi Mahajan




Chovishi Mahajan

તમારા વ્યક્તિત્વ ને ઓળખ આપવા પ્રસ્તુત છે,

*Elara*

આજની સ્ત્રીની ગતિશીલતા અને પ્રતિભાનું ઉત્તમ સંયોગ.

M-609

ANTARA

DADAR +91 22 40415565 | BORIVALI +91 22 28985565 | www.antarajewellery.com | Follow us on:

Printed and Published by ADV. HASMUKHLAL VELJI SHAH (The Printer and Publisher) for SHRI WAGAD VISHA OSWAL CHOVISI MAHAJAN CHARITABLE TRUST (The Owner) Office : Shree Parimal - II, 103, 1st Floor, Daftary Road, Malad (E), Mumbai- 400 097. Printed at Dangat Media Pvt. Ltd. Office : 22 Dighe MIDC, TTC Industrial Area, Dighe, Navi Mumbai - 400 708. Editor : Dr. NAGJI KESHAVJI RITA